# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

## પ્રથમ પરીક્ષા - ૨૦૨૪

તારીખ : ૧૯-૧૦-૨૦૨૪ | કુલ ગુણ: ૫૦

વાર : શનિવાર | ધોરણ : ૧૧ વિષય : અર્થશાસ્ત્ર | સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
(4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

### વિભાગ - A

★ **પ્રશ્નક્રમ 1 થી 10 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **10**

(1) Economics શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી ઉતરી આવ્યો છે ?
(A) Ecology (B) Oikonomos (C) PHILO (D) Nomos

(2) અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે કેટલા ભાગ પડે છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(3) માનવજીવન માટે વસ્તુ કેટલી ઉપયોગી છે તે બાબત વસ્તુનું કયું મૂલ્ય દર્શાવે છે ?
(A) વિનિમય મૂલ્ય (B) ઉપયોગિતા મૂલ્ય (C) વપરાશ મૂલ્ય (D) આંતરિક મૂલ્ય

(4) તમામ કુદરતી સંપત્તિ એટલે શું ?
(A) મૂડી (B) શ્રમ (C) જમીન (D) સંપત્તિ

(5) માંગનો નિયમ કોણે આપ્યો ?
(A) એડમ સ્મિથ (B) આલ્ફ્રેડ માર્શલ (C) રોબિન્સ (D) કેઈન્સ

(6) કિંમત અને માંગ વચ્ચે કેવો સંબંધ છે ?
(A) વ્યસ્ત (B) ધન (C) સપ્રમાણ (D) શૂન્ય

(7) કિંમતના ઘટાડાને કારણે પુરવઠામાં થતા ફેરફારને શું કહેવાય ?
(A) વધારો (B) વિસ્તરણ (C) સંકોચન (D) ઘટાડો

(8) જથ્થો કુલ પુરવઠા કરતાં કેવો હોય છે ?
(A) વધુ હોઈ શકે (B) ઓછો હોઈ શકે (C) વધુ ન હોય (D) નહિવત હોય

(9) કયા ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ છે ?
(A) સ્થિર ખર્ચ (B) અસ્થિર ખર્ચ (C) સરેરાશ ખર્ચ (D) સીમાંત ખર્ચ

(10) સ્થિર ખર્ચ રેખાનો ઢાળ કેવો હોય છે ?
(A) ઋણ (B) ધન (C) X-ધરીને સમાતંર (D) Y- ધરીને સમાંતર

### વિભાગ - B

★ **પ્રશ્નક્રમ 11 થી 15 પ્રશ્નોનાં ઉત્તર એક વાક્યમાં આપો : (પ્રત્યેકનો 1 ગુણ)** **5**

(11) 'વેલ્થ ઑફ નેશન્સ' પુસ્તક કોણે લખ્યું ?
(12) મૂલ્યનો અર્થ જણાવો.
(13) વ્યાપારચક્રના કેટલા તબક્કા છે ? ક્યા ક્યા ?
(14) જથ્થો એટલે શું ?
(15) નાણાકીય ખર્ચ કોને કહેવાય ?

### વિભાગ - C

★ **પ્રશ્નક્રમ 16 થી 23 સુધીના 8 પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ)** **10**

(16) કૌટિલ્યએ આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપો.
(17) આર્થિક પ્રવૃત્તિ અને બિન આર્થિક પ્રવૃત્તિનો અર્થ અને ઉદાહરણ આપો.
(18) ટકાઉ વસ્તુઓનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.
(19) તફાવત આપો : ખાનગી વસ્તુ અને જાહેર વસ્તુ. (બે-બે મુદ્દા)

Master Classes Chirag Prajapati 9824149146

(20) વ્યક્તિગત માંગ એટલે શું ?

(21) માંગની મૂલ્ય સાપેક્ષતા માપવાની રીતોનાં નામ આપો.

(22) પુરવઠા રેખાનો ઢાળ ધન હોય છે. કારણ આપી સમજાવો.

(23) 'લાંબાગાળે બધા ખર્ચાઓ અસ્થિર બની જાય છે' સમજાવો.

## વિભાગ - D

★ **પ્રશ્નક્રમ 24 થી 31 સુધીના 8 પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (પ્રત્યેકના 3 ગુણ)** **15**

(24) અર્થશાસ્ત્ર વિષયનું મહત્વ સ્પષ્ટ કરો.

(25) અર્થશાસ્ત્ર અંગેના ભારતીય ચિંતનની માહિતી આપો.

(26) વસ્તુના પ્રકારો જણાવી, વપરાશી અને ઉત્પાદક વસ્તુઓનો ખ્યાલ ઉદાહરણ આપી સમજાવો.


(27) સંપત્તિના કોઈપણ ત્રણ લક્ષણો વિગતે સમજાવો.

(28) માંગના નિયમના અપવાદો સમજાવો.

(29) આવક-અસર અને અવેજી અસરનો અર્થ ઉદા. આપી સમજાવો.

(30) પુરવઠા વિધેય : ટૂંકનોંધ લખો.

(31) નીચે આપેલી આકૃતિને આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ આપો : (કેસસ્ટડી આધારિત પ્રશ્ન)




4.3 પુરવઠામાં વિસ્તરણ અને સંકોચન

(a) પુરવઠાનું વિસ્તરણ - સંકોચન ક્યારે શક્ય બને ?

(b) બિંદુ a થી બિંદુ c તરફ જતી રેખા કયું પરિવર્તન દર્શાવે છે ?

(c) પુરવઠાનું સંકોચન એટલે શું ?


## વિભાગ - E

★ **પ્રશ્નક્રમ 32 થી 34 સુધીના 3 પ્રશ્નોમાંથી કોઈપણ 2 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (પ્રત્યેકના 5 ગુણ)** **10**

(32) માંગનો અર્થ આપી માંગને અસર કરતાં પરિબળો સમજાવો.

(33) બજારમાં કિંમત નિર્ધારણની પ્રક્રિયા આકૃતિ સહિત સમજાવો.

(34) નીચે આપેલી આકૃતિને આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ આપો. (કેસસ્ટડી આધારિત પ્રશ્નો)




(a) કુલ ખર્ચ એટલે શું ?

(b) અસ્થિર ખર્ચની રેખાનો ઢાળ કેવો હોય છે ?

(c) કુલ સ્થિર ખર્ચની રેખા કેવી હોય છે ?

(d) કુલ અસ્થિર ખર્ચમાં વધારો થતાં કુલ ખર્ચમાં કેવો ફેરફાર થાય છે ?

(e) કુલ ખર્ચનું સૂત્ર આપો.

● ● ● ● ●

Master Classes chirag Prajapati 9824149446